# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

**Bulletin : Issue - April-May-2017**



**Shri Narendra Modi**
Hon'ble Prime Minister, India



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister, Gujarat



**Shri R. Subhash Reddy**
Hon'ble Chief Justice, High Court of Gujarat

## Inaugurated

**GCCI**
**ARBITRATION - MEDIATION - CONCILIATION**
ALTERNATE DISPUTE RESOLUTION CENTRE
(GCCI - ADRC)
Collective Progress through Cordial Relations





**Shri M. R. Shah**
Executive Chairman, Gujarat State Legal Services Authority,
High Court of Gujarat

*Reliance is best described as the face of India in the New Millenium.*

*- Mukesh D. Ambani*



Reliance
Industries Limited
Growth is Life

# INDEX

President's Message........................................................ 02

Sr. Vice President's Message........................................................ 04

GCCI In Action........................................................ 06

Team In Action........................................................ 22

Congratulations........................................................ 23

Country Profile........................................................ 25

Knowledge Bank........................................................ 30

GCCI-ADRC Centre........................................................ 35

Upcoming Trade Fairs........................................................ 38

**Bipin R. Patel**
**President**

**Shailesh I. Patwari**
**Senior Vice President**

**K.T. Patel**
**Vice President**

**Praful R. Talsania**
**Hon. Secretary (Regional)**

**Vijay N. Shah**
**Hon. Secretary**

**Anil V. Sanghvi**
**Hon. Treasurer**

**Gujarat Chamber of Commerce & Industry**
Shri Ambica Mills-Gujarat Chamber Building,
P.O. Box No. 4045, Ashram Road,
Ahmedabad-380009. INDIA.
Phone : 079-26582301/2/3/4. 26580527, Fax : 079-26587992
Email : gcci@gujaratchamber.org, Website : www.gujaratchamber.org

**We welcome your feedback and suggestions. Do write to us at email:bulletin@gujaratchamber.org**

Par Copy : Rs. 18



**બિપીન આર. પટેલ**
પ્રમુખ

## સ્નેહી મિત્રો,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૧૬-૧૭ના આ અંતિમ બુલેટીન થકી આપ સૌ સમક્ષ પ્રસ્તુત થતાં ખૂબજ આનંદ અનુભવું છું. ગુજરાત ચેમ્બર ખાતે હાલમાં જ સ્થાપવામાં આવેલ "આર્બીટ્રેશન અને મીડીએશન સેન્ટર" આ બુલેટીનનો મુખ્ય વિષય છે.

હાઈકોર્ટે આશરે ત્રણ લાખ કેસોમાં ઘટાડો કરી તે બે લાખ પર લાવી દીધેલ છે અને આમ કોર્ટમાં ખુબ જ ભારણ છે જેને ધ્યાનમાં લઈને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન આપણે સ્થાપેલ "આર્બીટ્રેશન અને મીડીયેશન સેન્ટર" બે રીતે ખુબ જ અગત્યનું પૂરવાર થવાનું છે.

આપણા આ અદ્યતન વિવાદ નિવારણ કેન્દ્રમાં કેન્દ્ર સ્થાને આપણે સામાન્ય જરૂરતમંદ માણસોને ધ્યાનમાં રાખેલ છે, કે જેથી તેઓની કાયદાકીય વિવાદ ઝડપથી અને ઓછા ખર્ચે દૂર થાય.

આ ઉપરાંત બીજી અગત્યની વાત છે આપણા આ આર્બીટ્રેશન સેન્ટરનું અદ્યતન સ્વરૂપ. તેના ઉદ્‌ઘાટન વખતે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડીએ ચેમ્બરના આ આર્બીટ્રેશન સેન્ટરને સાચેજ એક આંતરરાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સરખાવ્યું. આ બાબતના સંદર્ભમાં જ આપણું ધ્યેય છે કે વર્ષ દરમ્યાન આર્બીટ્રેશન સેન્ટરમાં આપણે ૭૦૦ જેટલા કેસનું નિવારણ કરી શકીએ. જે રીતે વિશ્વના કોઈ પણ આર્બીટ્રેશન સેન્ટરમાં ઉપલબ્ધ હોય છે તેમ આપણે પણ આ કેન્દ્રમાં વીડીયો કોન્ફરન્સીંગ જેવી અદ્યતન સવલતો પુરી પાડવાના છીએ.

મિત્રો, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હંમેશાં ટ્રેડ તથા ઉદ્યોગને લગતાં પ્રશ્નોના નિરાકરણમાં પ્રવૃત્તિશીલ રહેલ છે. આપણું આર્બીટ્રેશન સેન્ટર પણ વેપારીઓ તથા ઉદ્યોગકારોના કાયદાકીય પ્રશ્નોનું નિવારણ ઝડપથી થાય તે અંગેનો પ્રયત્ન છે. સેન્ટરમાં આપણે નિષ્ણાત એડવોકેટ, નિવૃત્ત જજ તથા જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતોની સેવાઓ લઈ આપ સૌને મદદરૂપ થવા કટિબદ્ધ છીએ.

મિત્રો આપ સૌ જાણો છો તેમ ૧લી મે એટલે ગુજરાત સ્થાપના દિવસ. આ વર્ષે ગુજરાત સરકારે ૧૪મી એપ્રિલથી સમગ્ર પખવાડીક ગુજરાત ગૌરવ પખવાડીક તરીકે ઉજવ્યું અને આ ઉજવણીમાં ગુજરાત ચેમ્બરને સહભાગી બનાવ્યું. આ ઉજવણીના સંદર્ભમાં આપણે ૨૦મી એપ્રિલના રોજ "ડીજીટલ મની" વિષેના જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું. આ કાર્યક્રમનો આશય ગુજરાત સરકાર, ભારત સરકાર થા બેન્કો દ્વારા જનસમુદાયને ડીજીટલ આર્થિક વ્યવસ્થા તરફ વાળવા

માટેના પ્રયત્નો તરફ લોકોને જાગૃત કરવાનો હતો. આ તબક્કે બેન્કોએ પણ પોતાના સ્ટોલ રાખી લોકોને ડીજીટલ વ્યવસ્થા પરત્વે બેન્કો તરફથી શું સગવડો ઉપલબ્ધ છે તેમાંથી અવગત કર્યા.

મિત્રો આપણી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અવાર-નવાર આપણું સહયોગી બન્યું છે. ભારત તથા ગુજરાત જે રીતે વૈશ્વિક સ્તરે વ્યાપાર ઉદ્યોગમાં પ્રગતિ કરી રહ્યું છે તે જોતાં મને જણાવતાં ખુબજ આનંદ થાય છે કે આપણે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના સહયોગથી આપણાં રાજ્યોને સતત માર્ગદર્શન પુરું પાડવા એસબીઆઇ-જીસીસીઆઇ એક્સપોર્ટ-ઈમ્પોર્ટ હેલ્પડેસ્કની કાયમી ધોરણે સ્થાપના ગુજરાત ચેમ્બર ખાતે કરેલ છે. મને વિશ્વાસ છે કે આ હેલ્પડેસ્ક આપણાં સભ્યશ્રીઓને ખૂબજ સરળ રીતે આયાત-નિકાસ પ્રવૃત્તિો કરવા ખૂબ જ અનુકૂળ થઇ પડશે.

મિત્રો, ટુંકજ સમયમં ગુડઝ અને સર્વિસીઝ ટેક્ષ, એક ખૂબજ લાંબી કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થયા પછી હવે એક વાસ્તવિકતા બનશે. મને જણાવતાં ખૂબજ આનંદ થાય છે કે આપણે આ અંગે આપણાં ટ્રેડ/ઉદ્યોગ સાથે સંકળાયેલ સૌ સભ્યોના વિચારો રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર સમક્ષ ખૂબજ અસરકારક રીતે રજુ કરેલ છે. આ પરત્ત્વે અમે કેન્દ્રીય નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીની મુલાકાત પણ લીધી અને ખૂબજ અસરકારક રજૂઆત કરી હતી. ખાસ તો આપણે એ વાત પર ભાર મૂકેલ છે કે જીએસટી અંગેની ઓડીટ/ચકાસણીની સત્તા માત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તથા કોસ્ટ એકાઉન્ટન્ટસને જ ન આપતાં, આ સત્તા ભૂતકાળમાં વેટ તથા અન્ય આડકતરા કરવેરા અન્વયે આપવામાં આવતી હતી તેમ ટેક્ષ કન્સલ્ટન્ટ તથા ટેક્ષ એડવોકેટસને પણ આપવી જેથી નાના ટ્રેડ/ ઉદ્યોગ પર ખર્ચનું અકારણ ભારણ ઉભું ન થાય. આ અન્વયે આપણે એ બાબત પર પણ ભાર મૂક્યો કે ખૂબજ નાના શહેર/કેન્દ્રોમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ/કોસ્ટ એકાઉન્ટન્ટ મળવા પણ મુશ્કેલ હોય છે. વાસ્તવમાં એ હકીકત છે કે નાના વેપારીઓ તથા ગૃહ ઉદ્યોગો માટે ટેક્ષ પ્રેક્ટીશનર અને ટેક્ષ એડવોકેટને રોકવા ખૂબજ સવલતભર્યું હોય છે તથા તેઓને નાણાકીય રીતે પોષાય તેમ હોય છે માટે જ આપણે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરીને આ બાબત પરત્વે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તથા કોસ્ટ એકાઉન્ટન્ટસની સાથે ટેક્ષ કન્સલ્ટન્ટ તથા ટેક્ષ એડવોકેટને પણ આ સત્તા આપવા વિનંતી કરી છે. મિત્રો આ ઉપરાંત ઈલેક્ટ્રીસીટી/ઉર્જા પુરી પાડનાર કંપનીઓએ સરકાર સમક્ષ ભાવ વધારા માટે દરખાસ્ત મુકી હતી જે પરત્વે અન્ય સંસ્થાઓ સાથે રહીને આપણે આવો વધારો ન કરવા ખૂબજ મજબૂત રજૂઆત સરકાર સમક્ષ કરી હતી. મને જણાવતાં આનંદ થાય છે કે આપણી મજબૂત રજૂઆત થકી આપણે આ વધારાની દરખાસ્તને અટકાવી શક્યા છીએ જેનો ફાયદો ટ્રેડ, ઉદ્યોગને તો થાય છે જ સાથે સાથે સામાન્ય નાગરિકને પણ થશે.

ભારત સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિભાગના મંત્રી શ્રીએ હાલમાં આગામી બે વર્ષમાં ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરત્વે રૂા.૩૦ લાખ કરોડ જેવી જંગી રકમના રોકાણની જાહેરાત કરેલ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો આવો સર્વગ્રાહી વિકાસ સમગ્ર ભારતના ટ્રેડ તથા ઉદ્યોગને પણ ખૂબજ ફાયદારૂપ નિવડશે તેમાં બેમત નથી.

મિત્રો કેન્દ્ર સરકારનું બીજું ખૂબજ મહત્ત્વાકાંક્ષી પગલું એટલે "સ્ટાર્ટઅપ ઈન્ડિયા". આ અન્વયે સરકાર ઉભરતાં ઉદ્યોગકારોને સહાય કરી જેમ બને તેમ વધુ નવા ઉદ્યોગોની સ્થાપના થાય તે બાબતે કટિબદ્ધ છે અને આનંદની વાત એ છે કે આ અન્વયે સરકારે રૂા.૧૦,૦૦૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવેલ છે. મને ખાત્રી છે કે કેન્દ્ર સરકારના આ પગલાંથી પણ ટ્રેડ અને ઉદ્યોગને ખૂબજ મોટું પ્રોત્સાહન મળશે.

આ ઉપરાંત પણ અનેકવિધ પ્રવૃત્તિઓ આપણે આપ સૌના સહકારથી સંપન્ન કરી શકયા છીએ જેની માહિતી પ્રસ્તુત બુલેટીનમાં ઉપલબ્ધ છે.

**- બિપીન પટેલ**
**પ્રમુખ**

# સિનિ. ઉપ-પ્રમુખની કલમે



**શૈલેષ પટવારી**
સિનિ. ઉપ-પ્રમુખ

**સ્નેહી મિત્રો,**

## GCCI - ADRC:

૨૧મી સદીના વેપાર-ઉદ્યોગનું અનિવાર્ય અંગ એટલે અવાર-નવાર ઉભા થતાં કાયદાકીય વિવાદ. બે ટ્રેડ અથવા ઉદ્યોગ વચ્ચે જ્યારે પણ આવા કાયદાકીય વિવાદ ઉભા થાય છે ત્યારે બંને પક્ષકારોએ એક ખૂબજ લાંબી અને ખર્ચાળ કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે અને પરિણામે ધંધા વ્યવસાયને થતું નુકસાન ખૂબજ મોટું તથા અકલ્પનીય હોય છે. કમનસીબે ભારત જેવા દેશમાં ખૂબ જ મોટી વસ્તીના પરિણામ સ્વરૂપે ટ્રેડ તથા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોની સંખ્યા પણ ખૂબજ વિશાળ છે અને પરિણામે ઉભા થતાં કાયદાકીય વિવાદ પણ એટલા બધાં છે કે તેનો સમયસર નિકાલ હાલના ન્યાયતંત્ર માટે એવરેસ્ટનું ચઢાણ કરવા કરતાં પણ વધુ મુશ્કેલ કામ છે.

આપણાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વૈકલ્પીક ન્યાયની પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાની વાત કરતાં આવ્યા છે જેથી કોર્ટનું ભારણ ઘટે, સમયસર ન્યાય મળી રહે અને કાયદાકીય ખર્ચમાં ઘટાડો આવે. હાલ કોર્ટોમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના સેક્શન-૧૩૮ અંતર્ગત જ લગભગ ૨ લાખથી વધુ કેસો પેન્ડીંગ છે જે ખુબજ ચિંતાજનક બાબત છે. થોડાક સમય પહેલાં "Engaging Asia Arbitration Summit" ઉપર સંબોધન આપતાં ભારતના ચીફ જસ્ટીસ માનનીય શ્રી જે. એસ. ખેહરે જણાવ્યું હતું કે ભારત આર્બીટ્રેશન માટેનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનવા તરફ ખુબજ ઝડપી પ્રગતિથી વધી રહ્યું છે અને સરકાર દ્વારા વૈકલ્પીક ન્યાય પદ્ધતિઓને કારણે વિદેશી વેપારીઓનો વિશ્વાસ ખુબ વધ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિદેશી મૂડીરોકાણ વધવાના કારણે આંતરરાષ્ટ્રીય અને આર્બીટ્રેશનની તકો ખુબજ વિપુલ માત્રામાં છે અને ભારત પાસે નિષ્ણાત વકીલો અને આર્બીટ્રેટરો ઉપલબ્ધ છે જેના કારણે ભારત એશિયામાં આંતરરાષ્ટ્રીય આર્બીટ્રેશનનું મુખ્ય કેન્દ્ર બની શકવાની પૂરેપૂરી યોગ્યતા ધરાવે છે.

શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ અને શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ દ્વારા સને ૧૯૪૯માં ગુજરાતના વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્ત્વ કરવાના ઉદ્દેશથી સ્થાપિત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી માટે એક ખૂબજ મહત્ત્વપૂર્ણ અને ગર્વ લેવા જેવી બાબતના આપણે સાક્ષી બન્યા. ચેમ્બર રાજ્યના વેપાર-ઉદ્યોગને પોષણક્ષમ બનાવી તેના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા માટેના તેના ઉદ્દેશ તરફ હરણફાળ ભરી છે. ગુજરાત ચેમ્બર ખાતે હાલમાં ગુજરાત હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડીના વરદ્‌હસ્તે જીસીસીઆઈ આર્બીટ્રેશન, કન્સીલીયેશન અને ઓલ્ટરનેટ ડીસ્પયુટ રેઝોલ્યુશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે માનનીય ચીફ જસ્ટીસ ઉપરાંત ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના ચેરમેન માનનીય જસ્ટીસ શ્રી એમ.આર. શાહ, સુપ્રિમ કોર્ટ તેમજ હાઈકોર્ટના નિવૃત્ત જજો તેમજ સિટિંગ જજો, એડવોકેટ જનરલશ્રી, ગવર્મેન્ટ પ્લીડર, સિનિયર એડવોકેટ તેમજ કાયદા ક્ષેત્રના જાણીતા દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા. વેપાર-ઉદ્યોગ તરફથી રીજીયોનલ ચેમ્બરોના પ્રતિનિધિઓ, બીઝનેસ એસોશીયેશનો, મહાજનો, કોર્પોરેટ અને ચેમ્બરની વિવિધ કમિટિઓના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

જે રીતે ગુજરાત તથા ભારતનો વિશ્વના અર્થતંત્રમાં હિસ્સો વધી રહ્યો છે તે જોતાં ગુજરાત ચેમ્બર ખાતે સ્થાપિત આપણાં આર્બીટ્રેશન સેન્ટરની અગત્યતા ખૂબજ વધી જાય છે કારણ કે ભારતના કાયદા તથા કોર્ટો દ્વારા પણ આવી વૈકલ્પિક વિવાદ નિવારણ

સેવાઓનો સ્વીકાર થયેલ છે અને સાથે સાથે આપણાં આ કેન્દ્રનું મહત્ત્વ તે બાબતથી પણ પ્રસ્થાપિત થાય છે કે આપણાં કેન્દ્રના કાનુન અને કાયદા આર્બીટ્રેશન એન્ડ કન્સાઈલીયેશન એક્ટ ૧૯૯૬ અંતર્ગત તૈયાર કરવામાં આવ્યા છે તથા યુનાઈટેડ નેશન્સ કમીશન ઓન ઈન્ટરનેશનલ ટ્રેડ લો (UNCITRAL) પર આધારીત છે.

આ તબક્કે આપને જણાવીશ કે હાલમાં આર્બીટ્રેશન અને કન્સાઈલીયેશન એક્ટ ૧૯૯૬માં અમુક મહત્વના ફેરફારો થયા છે જેના કારણે આર્બીટ્રેશન-મીડીયેશનનો વ્યાપ અને મહત્વ વધી જાય છે. આ ફેરફારો માંના અમુક મુખ્ય ફેરફારો તરફ આપનું ધ્યાન દોરીશ.

૧. "Seat of Arbitration" ભારત બહાર હશે તો પણ ભારતની પાર્ટી આપણાં દેશમાં આર્બીટ્રેશન શરુ કરી શકશે.

૨. આર્બીટ્રેશન ટ્રીબ્યુનલને વધુ સત્તાઓ આપવામાં આવી છે અને આર્બીટ્રેશન ઓર્ડર મળ્યા પછી કોર્ટમાં અપીલ અમુક અનિવાર્ય સંજોગોમાં જ કરી શકાશે.

૩. આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ દ્વારા આપવામાં આવેલ ઈન્ટરીમ ઓર્ડરને પણ કોર્ટમાં અમલ કરી શકાશે.

૪. ૧૨ મહિનાના સમયગાળામાં જ આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ દ્વારા એવોર્ડ આપી દેવો ફરજીયાત કરવામાં આવ્યું છે તથા ફાસ્ટ્રેક પદ્ધતિ માટેની જોગવાઈઓ પણ કરવામાં આવી છે.

આપણું આ આર્બીટ્રેશન કેન્દ્ર ૫૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં પથરાયેલું છે. આ સેન્ટરમાં બે કોર્ટરૂમ, તાલીમ કક્ષ (૫૦ જણની ક્ષમતાવાળો), પ્રતીક્ષાલય, સમાધાન કરવા માટેના બે કક્ષ, લાયબ્રેરી, આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ વિડિયો કોન્ફરન્સિંગ અને પ્રોજેક્શન સિસ્ટમ વગેરે જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

આપણાં આર્બીટ્રેશન-મીડીયેશન તથા ઓલ્ટરનેટ ડીસ્પ્યુટ રેઝોલ્યુશન સેન્ટર થકી આપણું ધ્યેય માત્ર ગુજરાત તથા ભારત જ નહીં પરંતુ વિશ્વના કોઈ પણ દેશ સાથેના ટ્રેડ ઉદ્યોગને લગતાં કાયદાકીય વિવાદના નિવારણમાં મદદરૂપ થવાનું છે

આ તબક્કે આપણા આ સેન્ટરની મુખ્ય વિશેષતાઓ પર એક નજર નાખવી જરૂરી છે.

૧. આ કેન્દ્ર થકી આપણું ધ્યેય ઓલ્ટરનેટ ડીસ્પ્યુટ રેઝોલ્યુશનને લગતી સંપૂર્ણ સેવાઓ પુરી પાડવાનું છે. જેમાં માત્ર આર્બીટ્રેશન અથવા મીડીએશન/ કન્સીલીએશનનો સમાવેશ થઈ શકે અથવા તો આપણા કેન્દ્ર થકી માત્ર મીડીએશનની સેવાઓ પણ બંને પક્ષકારોને આપી શકાય અને સાથે સાથે કેન્દ્ર આર્બીટ્રેટરનો રોલ પણ ભજવે.

૨. જીસીસીઆઈ-એડીઆરસી માટે લવાદ પેનલની પસંદગી અનુભવી પ્રોફેશનલ્સ, રીટયર્ડ જજ, સિનિયર એડવોકેટ ઉપરાંત જુદા જુદા વ્યવસાયિક ક્ષેત્રના નિષ્ણાત અને બિઝનેસ લીડર્સમાંથી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય લવાદને લગતી બાબતોમાં લવાદોની નિમણૂક કરવા માટે આ કેન્દ્ર પક્ષકાર દ્વારા પસંદ કરવામાં આવેલા કાયદા અંગેના નોંધપાત્ર નિષ્ણાતોને તક આપશે.

૩. જ્યાં કાયદાકીય ઈસ્યુ નાના હશે ત્યાં ખૂબજ ઝડપથી સમરી પ્રોસીજર પુરો પાડવાનો આપણો અભિગમ રહેવાનો છે.

૪. જરૂર પડે તેવા કિસ્સાઓમાં આપણે સગવડ આપીશું કે જેથી તાત્કાલિક આર્બીટ્રેટર તથા તાત્કાલિક વચગાળાનો ઓર્ડર, કોર્ટમાં ગયા વગર આપી શકાય જેથી વિવાદાસ્પદ બાબત અંગે બંનેમાંથી કોઈ પક્ષને કારણ વગરનું નુકસાન સહન કરવું ન પડે.

### MSME ઓથોરીટીની સ્થાપના :

રાજ્ય સરકાર દ્વારા બજેટમાં એક ખુબજ મહત્ત્વનું અને આવકારદાયક પગલું લેવામાં આવ્યું. ગુજરાત ચેમ્બર દ્વારા ઘણાં વખતથી MSME એકમો માટે જે જુદી ઓથોરીટી સ્થાપિત કરવાની રજૂઆત કરવામાં આવતી હતી તે અંગે એક સકારાત્મક નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો અને રાજ્યમાં MSME માટે જુદા કમિશ્નરની નિમણૂક કરવાની જાહેરાત કરવામાં આવી. આથી MSME ક્ષેત્ર ઉપર ધ્યાન કેન્દ્રીત કરી શકાશે અને તેમના વિકાસ અને ઉત્થાન માટેના પ્રયત્નો અસરકારક રીતે કરી શકાશે.

**- શૈલેષ પટવારી**
**સિનિ. ઉપ-પ્રમુખ**

## "ઇન્ડસ્ટ્રી ૪.૦" વિષય ઉપર ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ફીક્કીના સંયુક્ત ઉપક્રમે સેમિનારનું આયોજન. (તા. ૨૮-૩-૨૦૧૭)



આપણાં દેશનું મેન્યુફેક્ચરીંગ સેક્ટર હાલ મુખ્ય પરિવર્તનના વાતાવરણમાં પ્રવેશી ચૂક્યું છે જ્યાં માનવ સંચાલિત પદ્ધતિઓના બદલે ઓટોમેશન દ્વારા ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવશે. ઉદ્યોગોમાં આવેલી આ ઓટોમેશનની ક્રાંતિને "ઈન્ડસ્ટ્રી ૪.૦" નામ આપવામાં આવ્યું છે. આવનારા સમયમાં "ઈન્ડસ્ટ્રી ૪.૦" ભારતની ઉત્પાદન પ્રક્રિયામાં ધરખમ ફેરફારો લાવશે જેના માટે ઉદ્યોગોએ વર્તમાન સમયમાં જ તૈયારી કરી સજ્જ થઈ જવું પડશે.

"ઈન્ડસ્ટ્રી ૪.૦" વિષે વિસ્તૃત માહિતી આપી આવનારા ફેરફારો માટે કેવી રીતે તૈયાર થવું તે અંગે માર્ગદર્શન આપવાના હેતુથી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ફીક્કીના સંયુક્ત ઉપક્રમે તા.૨૮ માર્ચ, ૨૦૧૭ના રોજ ગુજરાત ચેમ્બર ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારો, ફીક્કીના હોદ્દેદારો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. DHI ના સિનિયર ડેવલપમેન્ટ શ્રી એન. એલ. ગોસ્વામી તેમજ ટાટા સ્ટ્રેટેજીકના પ્રેક્ટીસ હેડ શ્રી શ્રીપાદ રાણડે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી એન. એલ. ગોસ્વામીનું સ્વાગત કરતા સિનિ. ઉપપ્રમુખશ્રી

કાર્યક્રમના ભાગરૂપે ભારતના ઉદ્યોગો માટે "ઈન્ડસ્ટ્રી ૪.૦" સફળતાપૂર્વક અમલ કરવા વાળી કંપનીઓની વિકાસ યાત્રા વિષેના ટેકનીકલ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેકનીકલ સેશનોમાં સિમેન્સ ઈન્ડીયાના ઓટોમોટીવ વિભાગના હેડ શ્રી નીતિન નાયર, બોશ રેક્સરોથ ઈન્ડિયા પ્રા. લિ.ના પ્રોજેક્ટ લીડર શ્રી અમીષ લાખાણી, ડેલોઈટ ઈન્ડિયાના સિનિયર ડાયરેક્ટર શ્રી આકાશ શ્રીવાસ્તવ, વેલ્સ્પન કોર્પોરેશનના આઈ.ટી. વિભાગના હેડ શ્રી નીતિન ગાંધી, મીલેક્રોન ઈન્ડિયાના ઉપ-પ્રમુખ શ્રી જીગીશ શાહ, પેનાસોનીક ઈન્ડિયા પ્રા. લિ.ના DGM શ્રી વિશાલ દહીયા, રૉકવેલ ઓટોમેશનના બીઝનેસ મેનેજર શ્રી શ્રીરામ પરમાનંદ તેમજ B & R ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન પ્રા.લિ.ના બીઝનેસ હેડ શ્રી અરવિંદ મંગરસી, નિષ્ણાત વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી શ્રીપાદ રાણડે



શ્રી જીગીશ શાહ



શ્રી અમીષ લાખાણી



શ્રી નીતિન નાયર



શ્રી શ્રીરામ પરમાનંદ



શ્રી વિશાલ દહીયા

કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત સભ્યોને ખુબજ ઉપયોગી માહિતી મળી હતી.

## CETP - એસોશીયેશનોની મળેલી મિટિંગ (તા. ૩૧-૩-૨૦૧૭)



તાજેતરમાં સરકાર દ્વારા ઉદ્યોગો માટે પર્યાવરણને લગતા અગત્યના કાયદા અને નિયમો જાહેર કરવામાં આવ્યા હતા, જેની માહિતી અને સમજૂતિ આપવા માટે ગુજરાતના બધા CETP અને એસોશીયેશનોની મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંગમાં નીચેના બે મુદ્દા ઉપર ખાસ માહિતી આપવામાં આવી હતી.

૧. માનનીય સુપ્રિમ કોર્ટનો ચૂકાદો જો ઉદ્યોગો પાસે કાર્યરત Primary Effluent Treatment Plant ના હોય તો State Pollution Control Board એ તેમને કામ કરવા દેવું નહીં, તેમના વીજળી અને પાણીનું સપ્લાય બંધ કરવા. આ ચૂકાદો અમલમાં મુકવાની છેલ્લી તારીખ ૨૨-૫-૨૦૧૭ છે.

૨. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરીટીની પબ્લીક નોટીસ કે NGTના ચૂકાદાના આધારે જે ઉદ્યોગો જમીનનું પાણી વાપરતા હોય, તેમણે CGWA પાસેથી ફરજીયાત NOC લેવું.



ચેમ્બરના પૂર્વપ્રમુખ
શ્રી શંકરભાઈ પટેલ

## "ગુજરાત ગૌરવ દિવસ" અંતર્ગત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વિવિધ કાર્યક્રમના આયોજન અંગે ચેરમેન અને કો-ચેરમેન મળેલી મિટીંગ (તા. ૧૩-૪-૨૦૧૭)



ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ગૌરવ દિવસ અનુસંધાને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે વિવિધ સંસ્થાઓને પણ કાર્યક્રમના આયોજન માટે જણાવવામાં આવ્યું હતું. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત ગૌરવ દિવસ અનુસંધાને જે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર હતું તેની વિગતો આપવા અને આ કાર્યક્રમોને સફળ બનાવવા ગુજરાત ચેમ્બરની વિવિધ કમિટિઓના ચેરમેન, કો-ચેરમેન અને કો-ઓર્ડીનેટરની મિટિંગ યોજવામાં આવી હતી.

આ મિટિંગમાં વિવિધ કાર્યક્રમોના આયોજનની માહિતી આપવામાં આવી હતી અને ઉપસ્થિત સભ્યોના સૂચનો લેવામાં આવ્યા હતા. પ્રમુખશ્રીએ આ અનુસંધાનમાં યોજવામાં આવનાર ગુજરાત ચેમ્બર દ્વારા કાર્યક્રમોને સફળ બનાવવા માટે દરેક સભ્યોને પ્રયત્નો કરવા વિનંતી કરી હતી.

## સ્વીડનના કોન્સ્યુલેટ જનરલ મીસ અલરીકા સન્ડબર્ગ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાતે. (તા. ૬-૪-૨૦૧૭)



તા. ૬-૪-૨૦૧૭ના રોજ સ્વીડનના કોન્સ્યુલેટ જનરલ મીસ અલરીકા સન્ડબર્ગ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે આવ્યા હતા જેમાં ગુજરાત ચેમ્બરના હોદ્દેદારશ્રીઓ અને ફોરેન ટ્રેડ કમિટિના સભ્યો હાજર રહ્યા હતા.

ગુજરાત ચેમ્બરના પ્રમુખ શ્રી બિપીન આર. પટેલે સ્વીડનના કોન્સ્યુલેટ જનરલનું બુકે અને મેમેન્ટો અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. ઉપસ્થિત સૌ સભ્યોએ પોતાનો વ્યવસાયિક પરિચય આપ્યો હતો. ચેમ્બરના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી શૈલેષ પટવારીએ ચેમ્બરની કામગીરીની રૂપરેખા આપી હતી તથા સ્ટોકહોમ ચેમ્બર જોડે થયેલા MOU દ્વારા વેપાર સંબંધેને સક્રિયરીતે કાર્યરત કરવાની ચર્ચા કરી હતી. મિટિંગમાં કોન્સ્યુલેટ જનરલ મીસ અલરીકાએ પોતાનો પરિચય આપી અને મુલાકાતનો મુખ્ય હેતુ દર્શાવ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ દરમ્યાન સ્વીડને ૧૮ જેટલા વિવિધ ક્ષેત્રમાં MOU કર્યા છે જેના દ્વારા તેઓ ભારતમાં બીઝનેસ કરવા માટે એક સિંગલ ફ્રેમવર્ક તૈયાર કરીને સ્કીલ લેવલને વધુ કાર્યક્ષમ બનાવવાની ચાલી રહેલી રૂપરેખાની માહિતી આપી હતી. શ્રી શૈલેષભાઈ પટવારીએ મિટિંગમાં ગુજરાતમાં ડોમેસ્ટીક વેસ્ટ પ્રોડક્ટસ, સુએજ પ્લાન્ટ તથા સોલર પમ્પના ક્ષેત્રમાં વિકાસ માટે પર્યાવરણને ધ્યાનમાં રાખીને નવી ટેકનોલોજીને વિક્સાવવા માટે કોન્સ્યુલેટ જનરલને મદદરૂપ થવા જણાવ્યું હતું.



સ્વીડનના કોન્સ્યુલેટ જનરલ
મીસ અલરીકા સન્ડબર્ગ

ફોરેન ટ્રેડ કમિટિના ડૉ. જૈમિન વસાએ સ્વીડનમાં સ્મોલ એન્ડ મીડીયમ ક્ષેત્ર માટે ઉપલબ્ધ ધંધાકીય તકોની જાણકારી લીધી હતી તથા જોઈન્ટ વેન્ચર દ્વારા આઈ.ટી. બાયોફ્યુઅલ, રેડીમેડ ગાર્મેન્ટ, વીન્ડ પાવર એનર્જી તથા ક્લીનીંગ સોલ્યુશન જેવા ક્ષેત્રોમાં નવી શરુઆત કરવા અંગે ચર્ચા કરી હતી. કો-ચેરપર્સન શ્રી પદ્મીનભાઈ બુચે ફાઉન્ડ્રી તથા બાયોટેકનોલોજીના વિકાસ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. મિટિંગમાં બ્રેક્સીટના લીધે સ્વીડનને પડનારી મુશ્કેલીઓ ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી.

## "ગુજરાત ગૌરવ દિવસ" અંતર્ગત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વિવિધ કાર્યક્રમના આયોજન અંગે મહાજન સંકલન સમિતિની મિટિંગ (તા. ૧૫-૪-૨૦૧૭)



દર વર્ષે ગુજરાત રાજ્ય દ્વારા ૧લી મે ના રોજ "ગુજરાત ગૌરવ દિવસ"નું આયોજન ખુબ ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ગૌરવ દિનને અનુલક્ષીને એક પખવાડિયા પૂર્વેથી વિવિધ કાર્યક્રમો અને સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે ગુજરાત ચેમ્બર દ્વારા વિવિધ એસોશીયેશનો, ચેમ્બરો અને મહાજનોના સાથ અને સહકારથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમોના આયોજન અંગેની ચર્ચા-વિચારણા તેમજ ગુજરાત ચેમ્બર સાથે સંકળાયેલા મહાજનોનું માર્ગદર્શન અને સહાય લેવાના હેતુથી તા. ૧૫ એપ્રિલ, ૨૦૧૭ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે મહાજન સંકલન સમિતિની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટિંગમાં “ગુજરાત ગૌરવ દિન"ના ભાગરૂપે ગુજરાત ચેમ્બર દ્વારા આયોજીત કાર્યક્રમો જેવા કે બેન્કો સાથે મળીને ડીજીટલ મની ઉપરનો કાર્યક્રમ, પર્યાવરણ દિવસ નિમિત્તે અમદાવાદના મુખ્ય ઔદ્યોગિક વસાહતો જેમ કે વટવા, નરોડા, વગેરેના સંયુક્ત ઉપક્રમે સેમિનારનું આયોજન, કાયદા દિવસ નિમિત્તે ગુજરાત ચેમ્બરના આર્બીટ્રેશન સેન્ટરનું ઉદ્દ્ઘાટન વિગેરે કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી અને કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી.

## રશિયન સંઘ હેઠળ આવેલ સ્મોલેન્સિક રીજીયનના પ્રતિનિધિમંડળ ચેમ્બરની મુલાકાત. (તા. ૨૧-૪-૨૦૧૭)



તા. ૨૧-૪-૨૦૧૭ના રોજ રશિયન સંઘ હેઠળ આવેલ સ્મોલેન્સિક રીજીયનના પ્રતિનિધિમંડળે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. મિટિંગમાં ગુજરાત ચેમ્બરના હોદ્દેદારો, ફોરેન ટ્રેડ કમિટિના સભ્યો તથા બિઝનેસ વિમેન વિંગના સભ્યો હાજર રહ્યા હતા.



Mr. Alexey Korchin,
Govt. Official, Smolensk Region

પ્રતિનિધિમંડળમાં મુખ્ય લીડર સ્મોલેન્સીક રીજનના ડે. ગવર્નર મી. એન્નોખીન વાસીલીટી, તેમજ અન્ય અધિકારીઓ અને ઉદ્યોગ સાહસિકો હાજર રહ્યા હતા. ચેમ્બરના પ્રમુખ શ્રી બિપીન આર. પટેલે ડે. ગવર્નર મી. એન્નોખીન વાસીલીટીનું બુકે અને મેમેન્ટો અર્પણ કરી સ્વાગત કર્યું હતું. ગુજરાત ચેમ્બરના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી શૈલેષ પટવારી તથા અન્ય હોદ્દેદારોએ પ્રતિનિધિમંડળના સભ્યોને સન્માનિત કર્યા હતા. પ્રતિનિધિમંડળના સભ્યોએ ગુજરાત ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ વિવિધ ઈન્ડસ્ટ્રીઓની મુલાકાત લીધી હતી જેમાં ફાર્માસ્યુટીકલ્સ, એગ્રીકલ્ચર, ડેરી ફુડ પ્રોસેસીંગ જેવા ક્ષેત્રોનો સમાવેશ થયો હતો. મી. એન્નોખીન વાસીલીટીએ MOU દ્વારા બંન્ને દેશોના વિકાસને સહાયરૂપ થાય તેવા ટ્રેડ રીલેશન શરુ કરવાની રજૂઆત કરી હતી. મિટિંગમાં પ્રેઝેન્ટેશન દ્વારા રશિયામાં ઉપલબ્ધ રોકાણની તકો, વિવિધ નીતિઓ અને રશિયન સરકાર દ્વારા આપવામાં આવતા લાભોની સમજ આપી હતી. ફોરેન ટ્રેડ કમિટિના ચેરમેન ડૉ. જૈમિન વસાએ રશિયામાં વિવિધ દેશોમાંથી આયાત કરાતા APIના લીસ્ટની માહિતી માંગી હતી તથા રશિયામાં મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ શરુ કરવા અંગેની પ્રાથમિક જરૂરિયાતો અંગની ચર્ચા કરી હતી. રશિયામાં ફલેક્સસીડની ઉત્પાદકતા ઊંચી છે તેના મુખ્ય બાયપ્રોડક્ટ્સમાં ઓઈલ વાર્નીશ, પેઈન્ટ, સાબુ અને ચામડાના ઉદ્યોગમાં તકનીકી હેતુ માટે કાચી સામગ્રી તરીકે થાય છે. ભારતીય ઉદ્યોગ સાહસિકોને હીરાનો બીઝનેસ શરુ કરવા રશિયામાં બહુ સારી તકો ઉપલબ્ધ છે. મિટિંગમાં ઉપસ્થિત સભ્યોએ શિક્ષણ ક્ષેત્રે રશિયાની યુનિવર્સિટી સાથે MOU દ્વારા વ્યવસાયિક પ્રશિક્ષણ તથા ગુજરાતી ભાષા માટેના વર્ગોની શરુઆત કરવા ભાર મૂક્યો હતો.

## Awareness Programme on "Digital Money" (તા. ૨૦-૪-૨૦૧૭)



ગુજરાત ચેમ્બરે અગ્રણી બેન્કો અને ડિસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીઝ સેન્ટરના સહયોગથી તા.૨૦ એપ્રિલ, ૨૦૧૭ના રોજ Awareness Programme on "Digital Money" યોજાયો હતો. આ કાર્યક્રમ ગુજરાત સરકારના ''ગુજરાત ગૌરવ દિવસ"ના ઉજવણીના ભાગરૂપે યોજવામાં આવ્યો હતો.

સ્વાગત પ્રવચનમાં શ્રી બિપીન પટેલ, પ્રમુખ, ગુજરાત ચેમ્બરએ કહ્યું હતુ કે ભારત સરકારનું લક્ષ્ય આપણાં દેશનાં આર્થિક અને નાણાકીય તંત્રને Digitalisation તરફ લઈ જવાનું છે જેથી દેશનો વિકાસ ઝડપી બની રહે.



માનનીય સાસંદશ્રી કિરીટભાઈ સોલંકીનું સ્વાગત કરતા પ્રમુખશ્રી



શ્રી જાગરુપસિંહ રાજપૂતનું સ્વાગત કરતા સિનિ. ઉપ-પ્રમુખશ્રી

કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી કિરીટ સોલંકી, અમદાવાદ વિધાનસભાના માનનીય સાંસદે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ડીમોનેટાઈઝેશન સમગ્ર વિશ્વનું સૌથી મોટું સુધારણ હતું અને તે દરમ્યાન ભારતીય નાગરિકોની સરકાર ઉપર શ્રદ્ધા અને સમર્થનની પ્રસંશા કરી હતી. તેમણે કહ્યું હતુ કે પ્રધાનમંત્રી જન ધન યોજના આપણાં દેશમાં નાણાકીય સામેલગીરીની સૌથી મોટી તક આપે છે.



શ્રી રાકેશ શાહનું સ્વાગત કરતા ઉપપ્રમુખશ્રી



શ્રી કે.બી. ઝવેરીનું સ્વાગત કરતા માનદ્-મંત્રીશ્રી

ગુજરાત ચેમ્બર અને ઉદ્યોગ કમિશ્નરશ્રી કચેરીએ ભેગા મળીને "Gujarat Industrial Policy 2015" નામની એક મોબાઈલ એપ બનાવી હતી જેનું વિમોચન શ્રી કિરીટ સોલંકીએ પોતાના વરદ્ હસ્તે કર્યુ હતું. આ એપમાં ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ ઉપલબ્ધ વિવિધ પ્રોત્સાહન યોજનાઓ અંગેની તમામ માહિતી ગુજરાતમાં આપવામાં આવી છે.





ગુજરાત રાજ્ય ઔદ્યોગિક નિતી ૨૦૧૫ અંગે ડેવલોપ કરેલી મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચ



સ્વાગત પ્રવચન કરતા પ્રમુખશ્રી



સંબોધન કરતા શ્રી કિરીટભાઈ સોલંકી



આભારવિધિ કરતા ઉપ-પ્રમુખશ્રી

પ્રોગ્રામ દરમ્યાન અગ્રણી બેન્કો દ્વારા ડીજીટલ ચૂકવણીની વિવિધ યોજનાઓ અને પદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન ડીજીટલ નાણાકીય સાક્ષરતાના મહત્ત્વને રાજકોટના કલામંચ ગ્રુપે નાટકના સ્વરુપમાં રચનાત્મક રીતે દર્શાવ્યું હતું.











ગુજરાત ચેમ્બરના ઉપ-પ્રમુખ શ્રી કે. ટી. પટેલના આભારવિધિથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

૧૦ મોટી અગ્રણી બેન્કોએ આખા દિવસ દરમ્યાન તેમના સ્ટોલ રાખ્યા હતા જેમાં નાગરિકો માટે ઉપયોગી વિવિધ બેન્કીંગની સેવાઓ વિષે માહિતી આપવામાં આવી હતી. શ્રી રોહિત પટેલ, માનનીય મંત્રી (રાજ્ય) ઈન્ડસ્ટ્રીઝ માઈન્સ એન્ડ મીનરલ્સ એ બધા સ્ટોલની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રમાં નાણાકીય ડીજીટલાઈઝેશનને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયત્નો બદલ તેમને અભિનંદન આપ્યા હતા.



## "આંતરરાષ્ટ્રીય વેપારમાં MSME ક્ષેત્ર માટે પડકાર અને તકો" ઉપર સેમિનાર તથા SBI-GCCI Export Import Help Desk નું ઉદ્‌ઘાટન. (તા. ૨૪-૪-૨૦૧૭)



ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ફોરેન ટ્રેડ કમિટિ દ્વારા તા. ૨૪-૪-૨૦૧૭ના રોજ "આંતરરાષ્ટ્રીય વેપારમાં MSME ક્ષેત્ર માટે પડકાર અને તકો" ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું તથા SBI-GCCI Export Import Help Desk નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.



માનનીય મંત્રી શ્રી રોહિતભાઈ પટેલનું સ્વાગત કરતા પ્રમુખશ્રી



શ્રી સંજીવ નોટીયાલનું સ્વાગત કરતા સિનિ. ઉપ-પ્રમુખશ્રી



શ્રી આર.એન. રાવલનું સ્વાગત કરતા ઉપપ્રમુખશ્રી

સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના શ્રી રોહિત પટેલ, માનનીય મંત્રી (રાજ્ય), ઈન્ડસ્ટ્રીઝ માઈન્સ એન્ડ મીનરલ્સ વિભાગ તથા આમંત્રિત મહેમાન શ્રી સંજીવ નોટીયાલ, ચીફ જનરલ મેનેજર, SBI હાજર રહ્યા હતા. ગુજરાત ચેમ્બરના પ્રમુખ શ્રી બિપીનભાઈ પટેલે બુકે અને મેમન્ટો આપીને સ્વાગત કર્યું હતું. તેમણે પોતાના આવકાર પ્રવચનમાં નિકાસને પ્રોત્સાહન આપતી તકો ઉપર ભાર મુક્યો હતો. વધુમાં વક્તવ્યમાં જણાવ્યું હતું કે MSME એ "મેક ઈન ઈન્ડિયા"નો મહત્ત્વનો ભાગ છે અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટની આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર સંબંધોની સફળતાનો આધાર MSME એકમો ઉપર છે ત્યારે આવા સેમિનાર દ્વારા તેને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવું ખુબ જરૂરી છે.



સ્વાગત કરતા માનદ્-મંત્રીશ્રી



સ્વાગત કરતા માનદ્-મંત્રીશ્રી (રીજીયોનલ)



સ્વાગત કરતા માનદ્-ખજાનચી






SBI-GCCI EXPORT - IMPORT HELP DESK નું ઉદ્દ્ઘાટન કરતા માનનીય મંત્રી શ્રી રોહિતભાઈ પટેલ

ફોરેન ટ્રેડ કમિટિના ચેરમેન ડૉ. જૈમિન વસાના પ્રયાસથી ગુજરાત ચેમ્બર ખાતે SBI-GCCI Export Import Help Desk નું માનનીય મંત્રી શ્રી રોહિતભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ હેલ્પડેસ્કનો મુખ્ય હેતુ આયાત-નિકાસ દસ્તાવેજો, વિનિમય સંબંધિત જોખમો, વીમા, લાયસન્સ, કસ્ટમ નીતિઓ, લોજીસ્ટીક વિગેરે ઉપર પડતી અડચણોના એક્સપર્ટ દ્વારા સચોટ માર્ગદર્શન પુરું પાડવાનો છે. સેમિનારમાં ગુજરાત ચેમ્બરના પ્રમુખ શ્રી બિપીનભાઈ પટેલ તથા SBI ના જનરલ મેનેજરે હેલ્પડેસ્ક માટેના MOU કર્યા હતા. SBI એ હેલ્પડેસ્ક માટે રૂા. ૧૫ લાખનો ચેક ગુજરાત ચેમ્બરના પ્રમુખ શ્રી બિપીન આર. પટેલને અર્પણ કર્યો હતો.



ગુજરાત રાજ્ય ઔદ્યોગિક નિતી - ૨૦૧૫ (ગુજરાતી અનુવાદ)નું વિમોચન કરતા માનનીય મંત્રીશ્રી

સેમિનાર દરમ્યાન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ "ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૧૫" બુકની ગુજરાતી આવૃત્તિનું શ્રી રોહિતભાઈ પટેલે વિમોચન કર્યું હતું. આ બુકમાં ગુજરાત સરકારને ઔદ્યોગિક ક્ષેત્રે અપાતી તમામ પ્રોત્સાહક યોજનાઓની માહિતીનો સમાવેશ કરવામાં આવે છે જે તમામ ઉદ્યોગ સાહસિકો માટે ખૂબ મદદગાર રહેશે.

સેમિનારમાં પોતાના વક્તવ્યમાં શ્રી રોહિતભાઈ પટેલે નિકાસની મહત્ત્વની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે પ્રોત્સાહન રૂપે ગુજરાત સરકાર દ્વારા MSME ને અપાતી સહાય અંગેની માહિતી આપી હતી. શ્રી સંજીવ નોટીયાલ, SBI ના ચીફ જનરલ મેનેજર પોતાના વક્તવ્યમાં SBI દ્વારા MSME ને પુરી પાડવામાં આવતી વિવિધ સ્કીમ તથા તેના દ્વારા મળતા લાભની માહિતી આપી હતી. આ સેમિનારમાં પેનલ ચર્ચાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો જેમાં ટેક્ષટાઈલ એન્ડ એપેરલ, ફાર્માસ્યુટીકલ્સ, પ્લાસ્ટીક, ટેક્ષટાઈલ એન્જીનીયરીંગ, ફાઈનાન્સ જેવા સેક્ટરના ઉદ્યોગ સાહસિકો પેનલીસ્ટ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં મોટા પ્રમાણમાં નિકાસકારોએ હાજરી આપી હતી તથા પેનલ ચર્ચામાં નિકાસને લગતી મુશ્કેલીઓની ચર્ચા કરવામાં આવી હતી.

આ સેમિનારમાં શ્રી આર. એન. રાવલ, જનરલ મેનેજર, DIC એ આભારવિધિ સંપન્ન કરી હતી અને ઉપસ્થિત સૌ સભ્યોનો સેમિનારમાં હાજર રહેવા બદલ આભાર માન્યો હતો.



માનનીય મંત્રીશ્રી રોહિતભાઈ પટેલ



સ્વાગત પ્રવચન કરતા પ્રમુખશ્રી

## લવાદ, મધ્યસ્થી સમાધાન અને વૈકલ્પિક વિવાદ નિરાકરણ કેન્દ્ર (જીસીસીઆઇ-એડીઆરસી)નું ઉદ્‌ઘાટન. (તા. ૨૭-૪-૨૦૧૭)



માનનીય ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડી દ્વારા ગુજરાત ચેમ્બર ખાતે લવાદ, મધ્યસ્થી સમાધાન અને વૈકલ્પિક વિવાદ નિરાકરણ કેન્દ્ર (જીસીસીઆઈ-એડીઆરસી)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

સૌહાર્દપૂર્ણ સંબંધોના માધ્યમથી સામુહિક પ્રગતિ કરવાના ધ્યેય સાથે લવાદ, મધ્યસ્થી, સમાધાન સહિતના જુદા જુદા વિકલ્પો પૂરા પાડવા માટે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા લવાદ, મધ્યસ્થી, સમાધાન અને વૈકલ્પિક વિવાદ નિરાકરણ કેન્દ્ર (જીસીસીઆઈ-એડીઆરસી)ની સ્થાપના કરવામાં આવી છે. નિશ્ચિત ખર્ચમાં જ અને નિશ્ચિત સમયગાળામાં વિવાદનો ઉકેલ લાવી દેવા માટેની સંસ્થાકીય લવાદની સુવિધાની વેપાર ઉદ્યોગોને તાતી જરૂરિયાત હોવાની ગંભીરતાને સમજી તથા ફરિયાદો-વિવાદોની વહેલી પતાવટ થાય તે માટેના અન્ય માધ્યમોની જરૂરિયાતને પારખીને સર્વગ્રાહી લવાદ, મધ્યસ્થી અને સમાધાન કરાવવા તથા ચેમ્બરના બંધારણની જોગવાઈ મુજબ જ વૈકલ્પિક ફરિયાદ નિવારણ લાવવા માટેનું કેન્દ્ર સ્થાપવાની પહેલ કરવાનો ગુજરાત ચેમ્બરે નિર્ણય કર્યો છે.





જીસીસીઆઈ-એડીઆરસીનું ઉદ્‌ઘાટન કરતા ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડી

આ કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે સૌ પ્રથમ ગુજરાત ચેમ્બરના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી શૈલેષ પટવારી દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવ્યું હતું. શ્રી પટવારીએ તેમના પ્રવચનમાં ગુજરાત ચેમ્બર દ્વારા આ કેન્દ્ર શરુ કરવાની પહેલ પાછળનો હેતુ તેમજ આ કેન્દ્રની ઉપયોગીતા વિષે માહિતી આપી હતી અને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો તેમજ ચેમ્બરના સભ્યોને આવકાર્યા હતા.

આ પ્રસંગે ગુજરાત ચેમ્બરના માનદ્-મંત્રી શ્રી વિજયભાઈ શાહે આ કેન્દ્ર અને તેની કાર્ય પદ્ધતિ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કેન્દ્ર ૫૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં પથરાયેલું છે. આ સેન્ટરમાં બે કોર્ટરૂમ, તાલીમ કક્ષ (૫૦ જણની ક્ષમતાવાળો), પ્રતીક્ષાલય, સમાધાન કરવા માટેના બે કક્ષ, લાયબ્રેરી, આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ વિડિયો કોન્ફરન્સિંગ અને પ્રોજેક્શન સિસ્ટમ વગેરે જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.



ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડીનું સ્વાગત કરતા પ્રમુખશ્રી



જસ્ટીસ શ્રી એમ.આર. શાહનું સ્વાગત કરતા સિનિ. ઉપપ્રમુખશ્રી

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કેન્દ્રમાં લવાદ તથા મધ્યસ્થી તેમ જ સમાધાનની પ્રક્રિયાનો આશરો લેવાનો વિકલ્પ મળશે. ફરિયાદ કે વિવાદના નિરાકરણ માટેની સેવા પૂરી પાડતું આ એકમાત્ર સંસ્થાકીય કેન્દ્ર છે, જેમાં લવાદો તથા પક્ષકારો તથા તેમના પ્રતિનિધિઓ, એમ સહુને માટે સુયોગ્ય આચારસંહિતાની રચના કરવામાં આવી છે. તેથી આ કેન્દ્રના કામકાજમાં પ્રામાણિકતા, પારદર્શકતા અને તટસ્થતાના સર્વોચ્ચ ધોરણોનું પાલન થતું જોવા મળશે.

શ્રી વિજયભાઈ શાહે જણાવ્યું હતું વપરાશકર્તાઓની જુદી જુદી જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે અને તેમને સેવા પૂરી પાડવા માટે સ્પેશિયલ મોડેલ તૈયાર કરીને લવાદ માટેના નિયમો ઘડવામાં આવ્યા છે. આ સેન્ટરમાં આપવામાં આવતી સુવિધાઓ વધુ અને મધ્યમ ધંધાઓને પોષાય તેવી, અને પક્ષકારોનો સમય બચાવી આપે તેવી છે. આ સેન્ટર દ્વારા પદ્ધતિસરની પ્રક્રિયા અને પરિસ્થિતિને અનુકૂળ રહીને કાર્યવાહી કરવામાં આવશે. સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવેલી પેનલમાંથી પક્ષકારો પોતાની મરજી મુજબના લવાદો અથવા તટસ્થ નિર્ણય લેનારાઓની પસંદગી કરી શકશે. લવાદો માટેની પેનલમાં ન્યાય-કાયદાના ક્ષેત્રનું ઊંડુ જ્ઞાન ધરાવનારાઓને જ સ્થાન આપવામાં આવ્યું છે. વિવાદના ગૂંચવાડાઓ ઉકેલવા માટે પેનલમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાના દાવાઓ માટે અને લેખિત કરારોમાંથી ઊભા થતાં વિવાદોને લગતા પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે ફાસ્ટ ટ્રેક સમરી પ્રોસિજરની સુવિધા પણ સેન્ટરમાં મળી રહેશે. આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ વિડિયો કોન્ફરન્સિંગની અને પ્રોજેક્શન સિસ્ટમ વગેરે જેવી અત્યાધુનિક સુવિધાઓ પણ સેન્ટરમાં મળી રહેશે.



સંબોધન કરતા
ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડી



આવકાર પ્રવચન કરતા
સિનિ. ઉપપ્રમુખ શ્રી શૈલેષ પટવારી



પ્રાસંગિક પ્રવચન કરતા
માનદ્-મંત્રી શ્રી વિજય શાહ

જીસીસીઆઈ - એડીઆરસી એ ગુજરાત ચેમ્બરનો એક હિસ્સો જ છે. ગુજરાત ચેમ્બર વેપાર અને વાણિજ્ય સાથે સંકળાયેલા લોકો માટેની અગ્રણી સંસ્થા છે જે ભારતીય વેપાર, વાણિજ્ય, બિઝનેસ અને ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે. જીસીસીઆઈ-એડીઆરસી માટે લવાદ પેનલની પસંદગી અનુભવી પ્રોફેશનલ્સ, રીટયર્ડ જજ, સિનિયર એડવોકેટ ઉપરાંત જુદા જુદા વ્યવસાયિક ક્ષેત્રના નિષ્ણાત અને બિઝનેસ લીડર્સમાંથી કરવામાં આવી છે.



સંબોધન કરતા
જસ્ટીસ શ્રી એમ.આર. શાહ

આંતરરાષ્ટ્રીય લવાદને લગતી બાબતોમાં લવાદોની નિમણૂક કરવા માટે આ કેન્દ્ર પક્ષકાર દ્વારા પસંદ કરવામાં આવેલા કાયદા અંગેના નોંધપાત્ર નિષ્ણાતોને તક આપશે. આ કેન્દ્ર પેનલમાં વધુને વધુ એક્સપર્ટ્સને સ્થાન આપવા માટે અને તેમને તાલીમ આપવા માટે સમયાંતરે વર્કશોપ-કાર્યશાળાનું પણ આયોજન કરશે તેવું શ્રી વિજયભાઈએ જણાવ્યું હતું. આમ વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રનો ૭૦ વર્ષનો સમૃદ્ધ અનુભવનો સમૃદ્ધ વારસો ગુજરાત ચેમ્બર ધરાવે છે જેનો લાભ GCCI-ADCR ને મળી રહેશે.

ત્યારબાદ માનનીય જસ્ટીસ શ્રી એમ. આર. શાહે ઉદ્‌બોધન આપ્યું હતું તેમાં તેમણે નીતિ અને ન્યાય વિષેના તફાવત અંગે જણાવ્યું હતું અને આ કેન્દ્ર ન્યાય રાજ્યની પ્રણાલિને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે કેવી રીતે ઉપયોગી થઈ શકે તે માટેના સૂચનો આપ્યા હતા. તેમણે ગુજરાત ચેમ્બર દ્વારા આ પહેલને આવકારતાં જણાવ્યું હતું કે આ સેન્ટર થકી ઉદ્યોગોના પ્રતિનિધિઓ વચ્ચેના વિવાદોને મર્યાદિત સમયમાં નિરાકરણ કરવામાં મદદ મળી રહેશે.



આભારવિધિ કરતા
શ્રી ગોપીનાથ અમીન

કાર્યક્રમના મુખ્ય મહેમાન માનનીય ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડીએ તેમના ઉદ્‌બોધનમાં ગુજરાત ચેમ્બર દ્વારા શરુ કરવામાં આવેલ આ કેન્દ્રની ખુબ પ્રસંશા કરતાં જણાવ્યું હતું કે આ કેન્દ્ર ખરેખર આંતરરાષ્ટ્રીય સ્તરનું કેન્દ્ર કહી શકાય તેવું છે. તેમણે આ કેન્દ્રના બાંધકામ તેમજ તેની નિયત કરેલ કાર્ય પદ્ધતિની પણ ખૂબ પ્રસંશા કરી હતી અને સાથોસાથ આ કેન્દ્ર માટેના ઘડેલ નિયમોનું ચૂસ્ત રીતે અમલ કરવાનું સૂચન આપ્યું હતું. માનનીય ચીફ જસ્ટીસ શ્રી રેડ્ડીએ હાલની ન્યાય પ્રણાલિમાં લવાદ, મધ્યસ્થી અને સમાધાન જેવા વૈકલ્પિક વિવાદ નિરાકરણ પદ્ધતિઓના વધતા જતા મહત્ત્વ અંગે જણાવતાં કહ્યું હતુ કે આ કેન્દ્ર ગુજરાત રાજ્ય માટે ખુબજ ઉપયોગી બની રહેશે અને ઉદ્યોગો માટે વરદાનરૂપ થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કેન્દ્ર રાજ્યમાં કાર્યરત વિભીન્ન ન્યાયાલયોમાં પડતર કેસોની સમસ્યાને ઓછી કરવા માટે મહત્ત્વનો ફાળો આપી શકશે.

## GCCI - ADRC નું ઉદ્‌ઘાટનની માહિતી અંગે યોજવામાં આવેલ પ્રેસ કોન્ફરન્સ (તા. ૨૭-૪-૨૦૧૭)





સંબોધન કરતા પ્રમુખશ્રી

તા. ૨૭ એપ્રિલ, ૨૦૧૭ના રોજ માનનીય ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી આર. સુભાષ રેડ્ડી દ્વારા ગુજરાત ચેમ્બર ખાતે લવાદ, મધ્યસ્થી સમાધાન અને વૈકલ્પિક વિવાદ નિરાકરણ કેન્દ્ર (જીસીસીઆઈ-એડીઆરસી)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેન્દ્ર વિષે માહિતી આપવા, સેન્ટરની મુલાકાત લેવા તેમજ ઉદ્‌ઘાટન સમારોહનું નિમંત્રણ આપવા માટે તા. ૨૫-૪-૨૦૧૭ના રોજ પ્રેસ અને મીડીયાના પ્રતિનિધિઓ સાથેની એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં લવાદ ધ્યસ્થી સમાધાન અને વૈકલ્પિક વિવાદ નિરાકરણ કેન્દ્ર વિષે વિસ્તૃત માહિતી જેવી કે તેમાં ઉપલબ્ધ સુવિધાઓ, કાર્ય પ્રણાલિ અને કેન્દ્રના નીતિ-નિયમો, ફીનું માળખું, નિષ્ણાતોની પેનલ વિગેરે બાબતોની માહિતી આપવામાં આવી હતી.



ભુતાનના શ્રી દોરાજી ઈકોનોમીક અફેર મિનિસ્ટરશ્રી સાથે
ચેમ્બરના હોદ્દેદારો અને પૂર્વપ્રમુખ



ભારતના ભુતાન સ્થિત એમ્બેસેડર શ્રી સરકાર સાથે
ભારત દુતાલય ખાતે મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના હોદ્દેદારો

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ફ્રેટ ફોરવર્ડસ એસોશીયેશન્સ ઇન ઇન્ડિયા અને નેશનલ કમિટિ ઇન ટ્રેડ ફેસીલીટેશન સેક્રેટરીયેટ, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે પરિસંવાદનું આયોજન. (તા. ૧૨-૫-૨૦૧૭)

તા. ૧૨ મે, ૨૦૧૭ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ફ્રેટ ફોરવર્ડસ એસોશીયેશન્સ ઇન ઇન્ડિયા અને નેશનલ કમિટિ ઓન ટ્રેડ ફેસીલીટેશન સેક્રેટરીયેટ, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે વિવિધ એસોશીયેશનો જેવા કે AMTOI, CAI, ACHAA, ASAA, JITO અને USIIC ના સહયોગથી ટ્રેડ ફેસીલીટેશન એગ્રીમેન્ટ અંગે કસ્ટમ્સ ડીપાર્ટમેન્ટ દ્વારા અમલ કરવામાં આવેલાં ફેરફારો અંગે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત ઝોનના ચીફ કમિશ્નર ઓફ કસ્ટમ્સ શ્રી અજય જૈન તેમજ ફેડરેશન ઓફ ફ્રેટ ફોરવર્ડસ એસોશીયેશન ઇન ઇન્ડિયાના ચેરમેન શ્રી સમીર શાહ મહેમાન વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરુઆતમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી બિપીનભાઇ પટેલે આવકાર પ્રવચન કર્યું હતું જેમાં તેમણે ભારત અને તેના પાડોશી દેશો સાથે વધતા વેપારના દાખલાઓ આપતાં જણાવ્યું હતું કે વિશ્વભરમાં હવે વેપારની પદ્ધતિઓને સરળ અને એક સરખી કરવાના પ્રયત્નો શરુ થઇ ગયા છે અને આ ટ્રેડ ફેસીલીટેશન એગ્રીમેન્ટ આ કામગીરીનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે.

શ્રી સમીરભાઇ શાહે તેમના પ્રેઝન્ટેશનમાં ટ્રેડ ફેસીલીટેશન એગ્રીમેન્ટનો મુખ્ય હેતુ અને તેના કારણે કસટમ્સમાં સંભવિત ફેરફારો અને અસરો અંગે માહિતી આપી હતી. શ્રી સમીરભાઇએ જણાવ્યું હતું કે ટ્રેડ ફેસીલીટેશન એગ્રીમેન્ટનો મુખ્ય હેતુ વિવિધ દેશો વચ્ચે વેપારની પદ્ધતિઓનું સરળીકરણ કરી તેને સમાંતર બનાવવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ટ્રેડ ફેસીલીટેશન એગ્રીમેન્ટ થકી, માલ-સામાનના પરિવહન, ક્લીયરન્સ અને રીલીઝને વધુ ઝડપી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. શ્રી સમીરભાઇએ વધુમાં જણાવ્યું હતું કે ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીમાં કસ્ટમ્સ ડીપાર્ટમેન્ટ દ્વારા ઘણાં બધાં ફેરફારો ટ્રેડ ફેસીલીટેશનના અનુસંધાનમાં આવશે, જેના માટે કસ્ટમ્સ બ્રોકરોએ પુરતી તૈયારી કરી સજ્જ થવું પડશે. શ્રી સમીરભાઇએ જણાવ્યું હતું કે આવનારા સમયમાં વ્યક્તિગત પરિચય અને ઓળખાણો કામ નહીં લાગે અને માત્ર કાર્યક્ષેત્રનું જ્ઞાન અને કામ કરવાની કુશળતા સફળતા માટે જવાબદાર બની રહેશે. શ્રી સમીરભાઇએ વધુમાં જણાવ્યું હતું કે TFA થકી વૈશ્વિક વેપારમાં થતાં ખર્ચ એકન્દરે ઘટવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે તેમજ "Ease of Doing Business" વધવાની પણ શક્યતાઓ રહેલી છે.

ચીફ કમિશ્નર ઓફ કસ્ટમ્સ શ્રી અજય જૈને તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે તેમનું ડીપાર્ટમેન્ટ વેપાર જગત તરફથી આવતાં સૂચનોને આવકારે છે. તેમણે જણાવ્યું હતું કે TFA દ્વારા આંતરરાષ્ટ્રીય વેપારમાં સરળીકરણ અને ઝડપ આવશે જેથી કુલ ખર્ચમાં ઘટાડો થશે. શ્રી જૈને AEO (ઓથોરાઇઝડ ઇકોનોમીક ઓપરેટર્સ) ની સ્કીમને મળેલ નબળા પ્રતિસાદ વિષે ચિંતા વ્યક્ત કરતાં સૌ કસ્ટમ્સ બ્રોકરોને આ ઉપયોગી સ્કીમનો લાભ લેવા પ્રોત્સાહન આપ્યું હતું. વધુમાં તેમણે કસ્ટમ્સ બ્રોકરોને શક્ય તેટલું જલ્દી ઇન્ફર્મેશન ટેકનોલોજીથી સારી રીતે અવગત થઇ તેનો વધુમાં ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કસ્ટમ્સ બ્રોકરો તેમજ અન્ય સભ્યો દ્વારા તેમના પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં શ્રી કાર્તિક પંચોલી દ્વારા આભારવિધિ સંપન્ન કરવામાં આવી હતી.



Fasten Your Seat Belts...
The KHS Innofill Glass series:
Faster and safer filling at up to 75,000 bottles per hour.
KHS
Filling and Packaging - Worldwide
FIRST CHOICE
IN TECHNOLOGY AND SERVICE
www.khs.com
KHS MACHINERY PVT. LTD.
Works :
Near Hirapur Chowkadi, Vatva-Mahemdabad Highway, Ahmedabad - 382 435, India.
Phone : +91-79-6610 0000 • Fax : +91-79-6610 0010 • E-mail : khs@khsindia.com
Sales Office :
15, Madhuban, Near Madalpur Underbridge, Ellisbridge, Ahmedabad - 380 006, India.
Phone : +91-79-2644 0331, 2644 3236 • Fax : +91-79-2644 5146
Delhi Office: Phone +91-11-2370 9055, 2370 9044 • Mumbai Office: Phone +91-22-2920 4851
Chennai Office: Phone +91-44-4203 7010 • Hyderabad Office: Phone +91-40-6581 2317

## મુંબઇ સ્થિત કોરિયાના કોન્સુલ જનરલ મી. સાઉન્જેન કીમ ચેમ્બરની મુલાકાતે (તા. ૧૫-૫-૨૦૧૭)



તા. ૧૫-૫-૨૦૧૭ના રોજ મુંબઈ સ્થિત કોરિયાના કોન્સુલ જનરલ મી. સાઉન્જેન કીમે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી. મિટિંગમાં ચેમ્બરના હોદ્દેદારો તથા ફોરેન ટ્રેડ કમિટિના ચેરમેન ડૉ જૈમિન વસા ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ચેમ્બરના પ્રમુખ શ્રી બિપીનભાઈ પટેલે બુકે અને મેમેન્ટો આપીને કોન્સુલ જનરલનું સ્વાગત કર્યું હતું. કોન્સુલ જનરલ મી. સાઉન્જેન કીમે ગુજરાત ચેમ્બરની બીજીવારની મુલાકાતનો મુખ્ય હેતુ ચેમ્બર જોડે MOU દ્વારા ટ્રેડ રીલેશનની શરુઆત કરવાનો જણાવયો હતો. કોરિયા મુખ્યત્ત્વે ઓટોમોબાઈલ્સ, ઈલેક્ટ્રોનીક્સ, શીપીંગ, કેમીકલ અને આઈ.ટી.ના ક્ષેત્રમાં વિકાસ કરવા અંગે વધારે રસ ધરાવે છે તેમ જણાવ્યું હતું. ગુજરાત ચેમ્બરના ઉપ-પ્રમુખ શ્રી કે. ટી. પટેલે કોન્સુલ જનરલને ગુજરાતમાં રોકાણ અને ઉદ્યોગના વિકાસ માટે કોઈ પણ કોરિયન કંપનીને ગુજરાત ચેમ્બર દ્વારા જરૂરી માર્ગદર્શન અને ઝડપી સહાય પૂરી પાડવાની તૈયારી બતાવી હતી. ફોરેન ટ્રેડ કમિટિના ચેરમેન ડૉ જૈમિન વસાએ ગુજરાત સરકારના વાયબ્રન્ટ ગુજરાત, ૨૦૧૧ દરમ્યાન આયોજીત કોરિયા અને તાઈવાનની લીધેલ મુલાકાતની માહિતી રજુ કરી હતી. કોન્સ્યુલ જનરલ મી. સાઉન્જેન કીમે મિટિંગમાં KCCI, KITA, KBIZ જેવા કોરિયન એસોશીયેશનના સભ્યોની ગુજરાત ચેમ્બરની સાથે મુલાકાત ગોઠવીને કોરિયાના વેપારને વિકસાવવા અંગે જણાવ્યું હતું.

## અમેરિકા સ્થિત અગ્રણી બિનનિવાસી ગુજરાતી બિઝનેસમેન શ્રી મફતભાઈ પટેલ જી.સી.સી.આઈ. એન.આર.જી. સેન્ટરની મુલાકાતે (તા. ૮-૫-૨૦૧૭)



ડાબેથી યુ.એસ.એ.સ્થિત પ્રખ્યાત કંપની "પટેલ બ્રધર્સ" ના ફાઉન્ડર અને માલિક શ્રી મફતભાઇ પટેલ અને જી.સી.સી.આઇ. એન.આર.જી. સેન્ટર/ કમિટીના ચેરમેન શ્રી કે.એચ.પટેલ

૮ માર્ચ ૨૦૧૭ના રોજ અમેરિકાના અગ્રણી બિનનીવાસી ગુજરાતી બિઝનેસમેન શ્રી મફતભાઇ પટેલે જી.સી.સી.આઇ. એન.આર.જી. સેન્ટર, અમદાવાદની મુલાકાત લીધી હતી.શ્રી મફતભાઇ અમેરિકાના પ્રખ્યાત કંપની "પટેલ બ્રધર્સ"ના માલિક અને ફાઉન્ડર છે.પોતાની કંપની વિશે તેમણે જણાવતા કહ્યુ કે આ કંપનીની સ્થાપના તેમણે ૧૯૭૪માં કરી હતી. આજે અમેરિકાના ઘણા શહેરોમાં ૬૦ થી વધુ સ્ટોરર્સ તેમના છે. જેમાં ઘરવકરીથી માંડીને જરુરિયાત બધી વસ્તુઓ મળે છે. તેમણે કહ્યુ કે તેમના સ્ટોર્સ માટે ગુજરાતમાંથી ૯૦ ટકા નો માલ જાય છે.શ્રી મફતભાઇએ સામાજિક પ્રવૃતિઓ સાથે પણ સંકળાયેલા છે. તેઓ યુ.એસ.એ.માં સામવેદના ફાઉન્ડેશન ચલાવે છે જે દર વર્ષે ગુજરાતમાં નાણાકીય સહાય કરે છે. તેઓ ગુજરાતમાં હેલ્થ સેક્ટરમાં પણ એવુ ડોનેશન આપી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતમાં આવેલ ૨૦૦૧ વર્ષના ભૂકંપ પછી રાહત કાર્ય માટે તેમણે કચ્છના રાપર જિલ્લામાં શિકાગો ટાઉનશીપ સ્થાપેયલ છે જેમાં ૧૬૦ ઘરો, મંદિર અને વૉટર પ્લાન્ટની સુવિધાઓ છે.તેઓ યુ.એસ.એના ૮૫ જેટલા ગુજરાતી એસોસિશેયઅશન સાથે સંકળાયેલા છે.તેમણે ગાંધીનગર સ્થિત નર્સિંગને લગતી કોલેજની સ્થાપના પણ કરેલ છે જેમાં ૬૦૦થી વધુ વિધાર્થીનીઓ અભ્યાસ કરે છે.

ચેરમેન શ્રી કે.એચ.પટેલે જી.સી.સી.આઇ. અને એન.આર.જી . સેન્ટરની કામગીરી વિશે માહિતી આપી હતી જે જાણી શ્રી મફતભાઇ ખુશ થયા હતા

## બિઝનેસ વિમેન વિંગ દ્વારા "Live Beyond Excuses : Be Efficient, Be Happy" વિષય ઉપર થયેલ કાર્યવાહી (તા. ૨૬-૪-૨૦૧૭)



ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગના ઉપક્રમે તા. ૨૬-૪-૨૦૧૭ના રોજ "Live Beyond Excuses : Be Efficient, Be Happy" (જીવનને સુખી અને કાર્યક્ષમ બનાવીએ, બહાનાબાજીને તિલાંજલિ આપીએ) વિષય ઉપર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વક્તા તરીકે શ્રીમતી બીના હાન્ડા, ડાયરેક્ટર પોએસીસ એચીવમેન્ટ ફાઉન્ડેશન ઉપસ્થિત રહ્યા હતા.



મહેમાનનું સ્વાગત કરતા ચેરપર્સન

કાર્યક્રમની શરુઆતમાં વિમેન વિંગના ચેરપર્સન શ્રીમતી સરોજ શર્મા તેમજ કો-ચેરપર્સન શ્રીમતી શીબાની દેસાઈએ શ્રીમતી બીના હાન્ડાનું સ્વાગત કર્યું હતું.

પોતાના વક્તવ્યમાં શ્રીમતી બીના હાન્ડાએ જણાવ્યું હતું કે જીવનમાં અવાર-નવાર આપણાં સાથીદારો, સહ કાર્યકરો, આપણાં હાથ નીચે કાર્ય કરનાર લોકો આપણી અપેક્ષા પ્રમાણે કાર્ય નથી કરતાં અથવા આપણી અપેક્ષાના પ્રમાણમાં ઉણા ઉતરે છે. આજ વાત સામેની વ્યક્તિના દ્દષ્ટિકોણ મુજબ પણ હોય છે. આવી પરિસ્થિતિ ઉભી થાય ત્યારે સારી રીતે કાર્ય પૂરું ના કરવા માટે દરેક વ્યક્તિ સામે કારણો (Excuses)નું લીસ્ટ તૈયાર જ હોય છે અને આવા કારણો આપવામાં આવતા હોય છે.

આમ આપણા સફળ વ્યક્તિઓના જીવન ઉપર નજર નાંખીશું તો ચોક્કસ જોવા મળશે કે તેઓ હંમેશાં પોતાની પાસેથી રાખવામાં આવેલી અપેક્ષા કરતાં વધુ આપવાનો પ્રયત્ન કરતા હોય છે અને માટે જ તેઓ સફળ હોય છે. જીવનમાં ખાસ કરીને વ્યવસાયમાં Excusesના આપતાં તે કાર્ય પૂરું કરવા તરફનો દ્દષ્ટિકોણ રાખવો જોઇએ. બહાના કરતાં કાર્યક્ષમતા તરફનો ધ્યેય રાખવો જોઇએ અને આપણી પાસે કોઇ વ્યક્તિ આ પ્રકારના બહાના બતાવે તો તેના વિશ્લેષણમાં ના પાડતાં કામ પુરું કરવાના ધ્યેય તરફ પગલાં લેવા જોઇએ.



સંબોધન કરતા શ્રીમતી બીના હાન્ડા
ડાયરેક્ટર પોએસીસ એચીવમેન્ટ
ફાઉન્ડેશન

